ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૨૩/૧૯-૨૦/ ૨૬૯૧ તારીખ : 15 JUL 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી શૈલેષભાઈ માધવજીભાઈ ઈટાલીયા,**
મુ.પો. ભાંભણ, તા.બોટાદ
જી.બોટાદ.
**મો.નં. ૯૮૨૪૨ ૩૭૯૫૧.**

કેસ નં.૨૩/૧૯-૨૦

**વિષય : ખેતીવાડી કનેકશન ખોટી રીતે કાયમી ધોરણે રદ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૨/૦૫/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૩/૧૯-૨૦/૨૦૩૩ તા.૦૧/૦૬/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૩/૧૯-૨૦/૨૧૬૧ તા.૧૩/૦૬/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૫/૦૬/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **બોટાદ.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **બોટાદ ગ્રામ્ય.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

# (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર - ૨૩/૧૯-૨૦**

વાદી :- શ્રી શૈલેષભાઈ માધવજીભાઈ ઈટાલીયા

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખ:- ૨૫.૦૬.૨૦૧૯**

હાજર રહયા :- શ્રી વિપુલભાઈ માધવજીભાઈ ઈટાલીયા – (વાદીનાં ભાઈ)

પ્રતિવાદી :- શ્રી ડી. કે. ખુંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી શૈલેષભાઈ માધવજીભાઈ ઈટાલીયા, મુ.ભાંભણ, તા.જી.બોટાદની ખેતીવાડી કનેકશન ખોટી રીતે કાયમી ધોરણે રદ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૩/૧૯-૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને પત્ર નં.બીઝેડ/ફોરમ/૨૩/૧૯-૨૦/૨૦૩૩ તા.૦૧.૦૬.૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૫.૦૬.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી વતી તેમના ભાઈ શ્રી વિપુલભાઈ માધવજીભાઈ ઈટાલીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી ડી. કે. ખુંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમારૂ શૈલેષભાઈ માધવજીભાઈ ઈટાલીયા ના નામે ગ્રાહક નં.૩૬૮૨૯/૦૦૮૬૬/૨ વાળું ખેતીવાડી કનેકશન ખોટી રીતે, નિયમ વિરૂધ્ધ, પરીપત્રોનું ઉલ્લંઘન કરી ગેરકાયદેસર બોટાદ ગ્રામ્ય પેટા કચેરી દવારા કાયમી ધોરણે રદ કરવામાં આવેલ છે.

૧.૨ જે અન્વયે અમો દવારા લેખિત, મૌખિક રજુઆત કરવામાં આવેલ છે, જેનું આજ સુધી નિવારણ નહી આવતાં, આપ સાહેબને રજુઆત કરવાની ફરજ પડેલ છે. આથી અમારા સદર બાબતે આપની સમક્ષ ગ્રાહક તકરાર ફરીયાદ નિવારણમાં લઈ જરૂરી ન્યાય અપાવવા સહર્ષ વિનંતી છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ આ સાથે અમો દવારા લેખિત રજુઆતના કાગળો તથા સદર કચેરી દવારા આપેલ નોટીસ આ સાથે સામેલ રાખેલ છે. જે આપના દવારા તપાસી અમોને રૂબરૂ સાંભળી આપના દવારા અમોને ન્યાય અપાવવા યોગ્ય કરશોજી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદારશ્રી શૈલેષભાઈ માધવજીભાઈ, ગ્રાહક નં.૩૬૮૨૯–૦૦૮૬૬–૨ થી ગામ–ભાંભણ ખાતે ૭.૫ હો.પા.નું એ–૨ કેટેગરીનું મીટરવાળું ખેતીવાડી કનેકશન ધરાવે છે.

૨.૨ સદર વીજજોડાણનો વપરાશ વિપુલભાઈ માધવજીભાઈ દવારા કરવામાં આવે છે તે બોટાદ રહે છે અને શૈલેષભાઈ માધવજીભાઈ જેમના નામે કનેકશન છે, તે વ્યકિત હાલ ભાંભણ કે બોટાદ ગામમાં રહેતા નથી.

૨.૩ ગ્રાહકશ્રી દવારા સદર વીજજોડાણનું બીલ દર બે મહીને ભરવાના બદલે છેલ્લા ચાર વર્ષથી દર નાણાકીય વર્ષનાં અંતે બીલ ભરવામાં આવે છે.

૨.૪ તેમજ દર મહીને કર્મચારી જયારે સદર ગ્રાહકનું ખેતીવાડી વીજજોડાણનું બીલ બનાવવા માટે જાય છે, ત્યારે મીટર ઓરડીમાં હોવાથી બીલ બનાવનાર કર્મચારી દવારા ગ્રાહક પ્રતિનીધીશ્રીને ઓરડી ખોલવા માટે ફોન કરવામાં આવે છે પણ અરજદારશ્રી દવારા મીટર રીડીગ સમયે કે ત્યારબાદ મીટર ઓરડી ખોલવામાં આવતી નથી. છેલ્લા ૧ વર્ષથી આ વીજજોડાણમાં "લોક" ના બીલ આપવામાં આવે છે.

૨.૫ સદર વીજજોડાણના બીલ પેટે માર્ચ–૧૮ કટઓફમાં કુલ ૨૯૨૦/– રૂપિયા બાકી હતાં. ગ્રાહક પ્રતિનીધી શ્રી વિપુલભાઈ (વાપરનાર) કે જેઓ બોટાદ રહે છે, જેઓએ માર્ચ–૧૮ ના તા.૨૪.૦૩.૧૮ ના રોજ રૂા.૧૨૧૦/– ભરેલ, આમ, માર્ચ–૧૮ માં રકમ રૂા.૧૭૧૦/– બાકી રહેલ છે.

૨.૬ સપ્ટેમ્બર–૨૦૧૮ ની કટઓફ જોતાં સદર વીજજોડાણના વીજબીલ પેટે રકમ રૂા.૩૭૫૪.૮૬ બાકી રહેતા હતાં, આથી નાયબ ઈજનેર બોટાદ (ગ્રામ્ય) દવારા આઉટવર્ડ નં.૧૦૦૯૩ તેમજ તા.૦૬.૦૯.૨૦૧૮ થી મીટર સર્વિસ ઉતારવાનો ઓર્ડર કાઢવામાં આવેલ. જે અન્વયે કર્મચારી વીજજોડાણના સ્થળ પર ગયેલ, જે સમયે ઓરડી બંધ હોવાથી અરજદારશ્રીને બીલ ભરવા ટેલીફોનીક જાણ કરવામાં આવેલ હતી તેમ છતાં અરજદારશ્રી દવારા આ બાકી બીલ ભરવામાં આવેલ નથી.

૨.૭ ત્યારબાદ ગ્રાહકશ્રી દવારા માર્ચ–૧૮ થી માર્ચ–૧૯ ના ૧૨ મહીના સુધીમાં સદર વીજજોડાણના બીલ પેટે કોઈ રકમ ભરવામાં આવેલ ના હોવાથી માર્ચ–૧૯ ના અંતે વ્યાજ સાથે કુલ રૂા.૪૮૫૦/– ભરવાના થતાં હતાં.

૨.૮ વધુમાં નાણાકીય વર્ષ ૨૦૧૯ ના અંતે પણ બોટાદ (ગ્રામ્ય) પે.વિ.કચેરીના કર્મચારી દવારા મૌખિક બીલ ભરવા માટે જાણ કરવામાં આવેલ તેમ છતાં અરજદારશ્રી દવારા કોઈપણ જાતની દરકાર લેવામાં આવી ના હતી. તેથી નાછુટકે સદર ખેતીવાડી કનેકશનનો સર્વિસ વાયર તા.૨૩.૦૩.૧૯ ના રોજ ઉતારી સી.આર.નં.૪૦૫૩ થી જમા કરવામાં આવેલ અને મીટર ઓરડીમાં હોઈ ઉતારવા માટે જાણ કરવામાં આવેલ પણ ઓરડી બંધ હોવાથી ઉતારી શકાયેલ નથી અને ત્યારબાદ પણ સદર બાકી બીલ ભરવા માટે ટેલીફોનીક જાણ કરેલ તેમ છતાં અરજદારશ્રી દવારા બીલ ભરવામાં આવેલ ન હતું. તેથી તા.૦૮.[illegible] ના રોજ સદર ખેતીવાડી કનેકશન રદ (X) કરવામાં આવેલ.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૨.૯ સદર ગ્રાહકના ખાતે મુદલ રકમ રૂા.૪૫૦૦/– તેમજ વ્યાજ રકમ રૂા.૩૫૦/– મળીને કુલ રકમ રૂા.૪૮૫૦/– બાકી નીકળતા હોય, તેમાંથી તા.૧૦.૦૪.૨૦૧૯ ના રોજ રકમ રૂા.૪૫૦૦/– અને તા.૦૬.૦૫.૧૯ ના રોજ વ્યાજના રૂા.૩૫૦/– ભરપાઈ કરવામાં આવેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :**– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શૈલેષભાઈ માધવજીભાઈ, ગામ–ભાંભણમાં ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં.૩૬૮૨૯/૦૦૮૬૬/૨ થી ધરાવે છે. ગ્રાહકના પ્રતિનીધી શ્રી વિપુલભાઈ માધવજીભાઈએ ફોરમને રજુઆત કરેલ છે કે પ્રતિવાદીએ તેમનું ખેતીવાડી વીજજોડાણ રદ કરેલ છે.

૩.૨ પ્રતિવાદીએ રજુઆત કરેલ છે કે વાદી તેમના વીજજોડાણનાં નિયમીત દ્વિમાસિક બીલની રકમ નિયમીત રીતે ભરતા નથી અને એક વર્ષ બાદ રકમ ભરે છે.

૩.૩ વાદીનાં વીજજોડાણનાં વીજબીલ પેટે માર્ચ–૧૮ ના રોજ રૂા.૨૯૨૦/– બાકી હતાં જેમાંથી વાદીએ તા.૨૪.૦૩.૧૮ ના રોજ રૂા.૧૨૦૦/– ભરેલ છે, તે જ રીતે સપ્ટે–૧૮ માં વીજબીલની રકમ રૂા.૩૭૪૫/– બાકી હતી, જે વાદીએ ભરપાઈ કરેલ નહી.

૩.૪ વાદીએ માર્ચ–૧૮ થી માર્ચ–૧૯ ના ૧૨ મહીના સુધી વીજબીલની રકમ ભરપાઈ કરેલ નહી અને માર્ચ–૧૯ ના અંતે વાદીના વીજબીલની ભરવાપાત્ર રકમ રૂા.૪૮૫૦/– થતી હતી. તેથી પ્રતિવાદીએ તા.૨૦.૦૩.૧૯ ના રોજ વાદીનાં વીજજોડાણનો સર્વિસ વાયર ઉતારી, વાદીનું વીજજોડાણ કાપી નાખેલ અને પ્રતિવાદીએ વાદીને બાકી વીજબીલની રકમ માટે કોઈપણ નોટીસ આપ્યા વગર કે લીગલ નોટીસ આપ્યા વગર તા.૦૮.૦૪.૧૯ ના રોજ વાદીનું વીજજોડાણ કાયમી ધોરણે રદ કરી નાંખેલ.

૩.૫ વાદીએ તા.૧૦.૦૪.૧૯ ના રોજ માર્ચ–૧૯ સુધીની વીજબીલની બાકીની રકમ રૂા.૪૫૦૦/– તેમજ તા.૦૬.૦૫.૧૯ ના રોજ તેના પર થતો ડી.પી.સી. રૂા.૩૫૦/– પ્રતિવાદીને ભરપાઈ કરી આપેલ પરંતુ પ્રતિવાદીએ વાદીનું વીજજોડાણ ચાલુ કરેલ નથી.

૩.૬ પ્રતિવાદીએ વાદીનું વીજજોડાણ તા.૨૦.૦૩.૧૯ ના રોજ હંગામી ધોરણે કાપ્યા બાદ, વાદીને કોઈપણ નોટીસ આપ્યા વગર તા.૦૮.૦૪.૧૯ ના રોજ વીજજોડાણ કાયમી ધોરણે રદ કરેલ. પ્રતિવાદીએ વાદીનું જોડાણ કાયમી ધોરણે કાપતા પહેલા વાદીને નિયમોનુસાર અને સપ્લાય કોડની જોગવાઈ મુજબ નોટીસ આપવી જોઈતી હતી.

૩.૭ વાદી સામે તા.૧૦.૦૪.૧૯ પછી કોઈ વીજબીલની રકમ બાકી નીકળતી ન હોઈ તેમજ પ્રતિવાદીએ ઉપરના તારણ નં.૩.૬ મુજબ નિયમ મુજબ કાર્યવાહી કરેલ ન હોય, પ્રતિવાદીએ વાદીનું વીજજોડાણ દિવસ–૭ માં ચાલુ કરી, વીજજોડાણ પુનઃ સ્થાપિત કરવો.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની** રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને **ઉપરના તારણો પરથી** તારણ નં."૩.૭ મુજબ હુકમ કરવામાં આવે છે."

- **સદર હુકમ** સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(પી. એલ. આજકીયા)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ. આર.વજરીયા)
**અધ્યક્ષશ્રી,**
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :— ૨૫.૦૬.૨૦૧૯

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar